**ON LINE**


જિલ્લા નાયબ નિયામક ( વિકસતી જાતિ ) ની કચેરી
જિલ્લા સેવા સદન, જુની કોર્ટ બિલ્ડીંગમાં,
બહુમાળી ભવન કેમ્પસ, નાનપુરા,સુરત

ફોન : ૦૨૬૧-૨૪૬૦૬૯૮ | e-mail : d.dirsurat@gmail.com


નં.જિનાનિ/વિજા/ પો.મે.શિષ્યવૃત્તી/૨૦૧૮-૧૯/૯૦૫ | તા.૦૨-૦૫-૨૦૧૮

પ્રતિ,
આચાર્ય શ્રી,
તમામ ઉચ્ચ માધ્યમિક શાળાઓ અને
તમામ કોલેજો - જિલ્લો : સુરત

વિષય : વર્ષ ૨૦૧૭-૧૮ ની ઓન લાઇન પોસ્ટ મેટ્રીક શિષ્યવૃત્તી યોજના બાબત.

શ્રીમાન,

સવિનય ઉપરોક્ત વિષય અન્વયે જણાંવવાનું કે વર્ષ ૨૦૧૭-૧૮ ની પોસ્ટ મેટ્રીક શિષ્યવૃત્તી યોજના અંતર્ગત **Digital Gujarat Portal** મારફતે વિદ્યાર્થીઓ મારફત ઓનલાઇન શિષ્યવૃત્તીના ફોર્મ ભરેલ છે. જેની આગળની કાર્યવાહીના ભાગરૂપે જે તે શાળા/ કોલેજ દવારા તે અરજીઓ ઉપલા લેવલે ચકાસીને ફોરવર્ડ કરવાની હોય છે.

આજ રોજની **Digital Gujarat Portal** ઉપર ચકાસણી કરતા હજી સુધી ઘણી અરજીઓ વિદ્યાર્થીઓ/શાળા/ કોલેજ લેવલે પેન્ડીગ રહેલ છે. જે અરજીઓ જયાં સુધી આગળના લેવલે ફોરવર્ડ નહી થાય ત્યાં સુધી તે અરજીઓની મંજુરીની પ્રક્રીયા હાથ ધરી શકાય નહી. જેથી હવે કોઇ કારણોસર વિદ્યાર્થી અરજી કરી શકેલ નથી તેવા વિદ્યાર્થીઓ તા.૧૩-૦૫-૨૦૧૮ સુધીમાં અરજી કરી શકશે અને આ કાર્યવાહી પુર્ણ કરવા માટે સર્વે શાળા/ કોલેજો તા.૧૬-૦૫-૨૦૧૮ સુધીમાં સંબધીત કચેરીને અરજીઓ મોકલી આપવાની રહેશે. આ સુચના ધ્યાને લઇ ગંભીરતા પુર્વક પુર્ણ કરવા જણાંવવામાં આવે છે.

## FOR STUDENTS:

વર્ષ ૨૦૧૭-૧૮ના વર્ષમા બાકી રહી ગયેલ વિદ્યાર્થીઓ માટે DIGITAL GUJARAT PORTAL પર જિલ્લા નાયબ નિયામક વિકસતી જાતિ ખાતાની જુદી જુદી પોસ્ટમેટ્રીક શિષ્યવૃત્તિ યોજનાઓમાં ઓનલાઇન ફોર્મ ભરવા વિન્ડો તા:૦૧/૦૫/૨૦૧૮ થી તા.૧૩/૦૫/૨૦૧૮ સુધી વર્ષ ૨૦૧૭-૧૮ની છેલ્લી તક તરીકે ઓપન કરવામાં આવે છે.

જેથી જે વિદ્યાર્થીઓને વર્ષ ૨૦૧૭-૧૮માં ઓનલાઈન અરજીઓ કરવાનું બાકી રહી ગયેલ છે, કોઇ કારણોસર અરજી કરી શકેલ નથી કે અન્ય યોજના પસંદ કરી લીધેલ છે, તેવા વિદ્યાર્થીઓએ તા.૦૧/૦૫/૨૦૧૮ થી ૧૩/૦૫/૨૦૧૮ સુધી ઓનલાઇન અરજી કરી શકશે/સુધારી શકશે. આ છેલ્લી તક વિદ્યાર્થીઓને આપવામાં આવે છે. હવે પછી સમયમર્યાદામાં કોઇ વધારો કરવામાં આવશે નહિ જેથી તમામ વિદ્યાર્થીઓએ નોંધ લેવા વિનંતી છે.

ઓનલાઈન અરજી થઈ ગયા બાદ અરજીની પ્રિન્ટ લઈ તમામ સાધનિક કાગળો સહિતની અરજી તાત્કાલિક સબંધિત શાળા/કોલેજો/સંસ્થાને આપવાની રહેશે.

## For School/college:

1. પોસ્ટમેટ્રીક યોજનાઓ અંતર્ગત શાળા/કોલેજો/સંસ્થાઓએ વિદ્યાર્થીઓએ કરેલ online અરજીઓ ની હાર્ડકોપી સાધનિક કાગળો સહિત વિદ્યાર્થીઓ પાસેથી તાત્કાલિક મેળવી તેની ચકાસણી કરી શાળા/કોલેજ/સંસ્થાના લોગીનમાં Pending Application માંથી online ફોરવર્ડ કરી તાત્કાલિક Higher Authority ને મોકલી આપવાની રહેશે. સમયમર્યાદા વધારવાના કારણે જે અરજીઓ હવે શાલા/કોલેજ/સંસ્થામાં આવે તે અરજીઓ મોડામાં મોડા તા.૧૬/૦૫/૨૦૧૮ સુધીમાં સંબંધિત કચેરીને મોકલી આપવાની રહેશે. જો તા.૧૬/૦૫/૨૦૧૮ પહેલા તમામ ઓનલાઈન અરજીઓ મળી જાય તો શૈક્ષણિક સંસ્થાઓએ તા.૧૬/૦૫/૨૦૧૮ની રાહ ન જોતા હાર્ડકોપી સહિતની દરખાસ્તો સંબધિત કચેરીને મોકલી આપવાની રહેશે.
2. સંબધિત જિલ્લા નાયબ નિયામક વિકસતી જાતિ ખાતાની કચેરી દ્વારા Return કરેલ અરજીઓ વિદ્યાર્થીઓને Online પરત કરી વિદ્યાર્થીઓની અરજીમાં પૂર્તતા કરાવી પુન: શાળા/કોલેજ/સંસ્થાના લોગીનમાં મેળવી ઉપર (1) મુજબની કાર્યવાહી કરવાની રહેશે.
3. Online ફોરવર્ડ કરેલ અરજીઓની હાર્ડકોપી સંબધિત જિલ્લા કચેરી તાત્કાલિક આપવાની રહેશે.
4. અધુરા ડોક્યુમેન્ટ Upload કરેલ હોય તેવા વિદ્યાર્થીઓની ઓનલાઈન અરજીઓ શાળા/કોલેજ/સંસ્થા કક્ષાએથી જ પૂર્તતા કરાવી લેવાની રહેશે અને ફરજીયાત હોય તેવા તમામ ડોક્યુમેન્ટ Upload થઈ જાય ત્યારબાદ હાયર ઓથોરીટીને અરજીઓ સેન્ડ કરવાની રહેશે.
5. કોઇ વિદ્યાર્થી શિષ્યવૃત્તિથી વંચિત રહી જશે તો અંગેની સંપૂર્ણ જવાબદારી જે તે સંસ્થાની રહેશે જેની નોંધ લેશો.

(ડી.એમ. ત્રિવેદી )
જિલ્લા નાયબ નિયામક
વિકસતી જાતિ - સુરત

સવિનય નકલ રવાના :
નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ગાંધીનગર તરફ જાણ સારૂ.